સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

રાહ જુઓ ! શહિદીનો લક્ષ્યાંક તો પૂરો થવા દો!
ઉશ્કેરાટમાં છે પ્રજા, એનો રોષ તો ઠરવા દો !
કરવા દો ઉદ્‌ઘાટન, લોકાર્પણને પાયા વિધિ -
વિધવાનાં આંસુ થીજે એટલું ધૈર્ય ધરવા દો !!

હાઈકુ

આજે નહીં, તો
આવતા ભવે, પણ -
બદલો લેશું!!
(સરકારની ખાતરી)

જીએસ્ટી જેમ,
વિચાર મથામણ -
- તો કરવા દો ?!
(નોટબંધી જેમ નથી કરવું)

ચિંતન

મૃદ્ એવાવભાનેઽપિ મૃણ્મયદ્વિપ ભાનવત્ ॥
સન્માત્રવસ્તુધાનેઽપિ ત્રિપુટી ભાતિ સન્મયી ।
સમાધિરત એવાયં સવિકલ્પ ઈતીર્યતે ॥

ઉપરોક્ત શ્લોક વિવેકચૂડામણિ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

જેમ માટીનો હાથી માટી જ છે. એવું જ્ઞાન હોવા છતાં તે જ્ઞાન સાથે માટીના હાથનું પણ ભાન થાય એમ પ્રત્યેક પદાર્થો - બ્રહ્મ છે. એવું જ્ઞાન થયા છતાં તે જ્ઞાન સાથે (જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાનની) ત્રિપુટી પણ સત્ સ્વરુપે જણાય છે. તેથી તે સમાધિ 'સવિકલ્પ' કહેવાય છે.

સંપૂર્ણ 'બ્રહ્મ' નો પરિચય થયા છતાં જાણવા છતાં જાણવાની બાબત - જાણનાર અને જે જાણ્યું છે આ ત્રણે હજુ પણ અલગ-અલગ સમજે છે તે 'બ્રહ્મ' સ્વરુપ બન્યા નથી. બ્રહ્મમાં વિલિન થયા નથી તેને જોઈને પણ - સમજીને પણ તેનાથી પણ વિરક્ત છે.

સુવિચાર

- નિષ્ફળતા તમારો શિક્ષક બનવી જોઈએ, નહીં કે તમારું ધ્યાન રાખનાર, નિષ્ફળતા એ થોડી મોડી સફળતા છે, નહીંકે પરાજય **- વીનસ**
- આપણા સૌ પાસે અનંત શ્રદ્ધા છે, તકલીફ એ છે કે આપણે મોટા ભાગે નકારાત્મક બાબતો પર શ્રદ્ધા રાખીએ છીએ **- એરિક બટરવર્થ**
- ઈશ્વર તમારા માટે એ જ કરી શકે છે તે તમારા દ્વારા કરી શકે છે **- સંત ઓગસ્ટિન**
- જેમ મનુષ્ય શાંત બને છે, તેમ તેની સફળતા વધે છે, તેનો પ્રભાવ વધે છે, સારું કરવાની તેની શક્તિ વધે છે. મનની શાંતિએ ડહાપણનું એક મૂલ્યવાન ઝવેરાત છે **- બી.કે. શિવાની**
- પોતાના વિષે જ્ઞાન વધારો, કામની ગુણવત્તા બદલાઈ જશે **- દાદા ભગવાન**
- સફળતાનો માપદંડ તમે શું સિદ્ધ કર્યું છે તેનાથી નહીં, પણ તમે જે વિરોધ સહન કર્યો હોય, અને આત્યંતિક તકલીફોમાં તમે જે હિંમત જાળવી રાખી હોય એના આધારે માપી શકાય **- સ્વેટ માર્ડન**
- આજનું ઔષધ : લકવાનો હુમલો આવે તો ૫૦ મીલી. તલનું તેલ નવશેકું કરી પીવડાવી દેવું અને કાચું લસણ ચાવવાનું કહી શકાય.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ગૌતમ બુદ્ધને એક દિવસ એક ખેડૂત મળવા આવ્યો. તેણે ગૌતમ બુદ્ધને પોતાના ગામના લોકોને માટે સંસ્કાર, આસ્થા અને વિવેક જગાડવા માટે સાત દિવસ માટે આવવાનું આમંત્રણ આપ્યું. બુદ્ધ તો સરળ હતા. તેમના માટે રાજા શું કે સામાન્ય ખેડૂત શું ? બધા સરખા આથી એક ચોક્કસ દિવસે સાત દિવસના રોકાણનું આયોજન કરી બુદ્ધ ખેડૂતના ગામડામાં પહોંચી ગયા. રોજ સવારે બુદ્ધનું પ્રવચન સાંભળવા સૌ સમયસર સાંભળતા હાજર રહેતા. પણ પેલા ખેડૂત હાજર રહી શકતો ન હતો. તપાસ કરી તો ખબર બડી કે પેલા ખેડૂતનો બળદ બિમાર હતો. અને એની સેવા કરવી જરૂરી હતી. જેથી પ્રવચન સાંભલવું શક્ય બનતું ન હતું. બળદની સેવા કરવી પડે તેમ હતી નહીંતર બળદર જો મરી જાત તો ખેડૂતના જીવનનો આધાર છીનવાઈ જાય. આ સાત દિવસ દરમિયાન તે એક પણ વાર બુદ્ધનું પ્રવચન સાંભળવા જઈ શક્યો ન હતો. પણ બળદનું ધ્યાન રાખતાં તે બળદનો જીવ બચી ગયો. છેક છેલ્લા દિવસે બુદ્ધની વિદાય વખતે ખેડૂત બુદ્ધને મળવા પહોંચ્યો ત્યારે ગામના લોકોએ કહ્યું, 'આ ખેડૂત કેવો માણસ છે, તમને અહીંયા બોલાવ્યા પણ એક દિવસ પણ તમારું પ્રવચન સાંભળવા હાજર જ ન રહ્યો. 'ખેડૂતે બળદ બિમાર થયાની વાત બુદ્ધને જણાવી ત્યારે બુદ્ધે કહ્યું, 'ભાઈ તે પ્રવચન સાંભળવાની જગ્યાએ પોતાની જવાબદારીને મહત્ત્વ આપીને સાબિત કરી દીધું કે તું મારા વિચારના મૂળ તત્ત્વને સમજ્યો છે. જો બળદ મરી ગયો હોત તો ખેડૂતનું પ્રવચન સાંભળવું બેકાર થઈ જાત, ત્યારે મારા પ્રવચનનું કોઈ મૂલ્ય ન રહ્યું હોત. જ્ઞાન પ્રાપ્તિનો અર્થ જીવનની જવાબદારીઓમાંથી ભાગવાનો નથી, બલ્કે તેને યોગ્ય રીતે સમજવા અને નિભાવવાનો છે.'

શિક્ષક સાથે સન્માનજનક વર્તાવ આવશ્યક

તંત્રીસ્થાનેથી...

ગુજરાત વિધાનસભાના બજેટ સત્ર વખતે જુદાં જુદાં કર્મચારી જૂથો પોતપોતાના અધિકારો અને કામના વાજબી વળતર માટે આંદોલન પણ ઊતર્યા છે. સ્ટેટ ટ્રાન્સપોર્ટના કર્મચારીઓનાં ધરણાંને કારણે સામાન્ય પ્રજાને જે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો તેનો અંદાજ વીવીઆઈપી નેતાગણને ભાગ્યે જ આવી શકશે. આપણી સ્ટેટ ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા દેશની સર્વોત્તમ વ્યવસ્થા તરીકે ઊંચી પ્રતિષ્ઠા ધરાવે છે. લાખો મુસાફરો માટે એસ.ટી. રોજગાર અને અવરજવરની લાઈફલાઈન બની ચૂકી છે. કર્મચારી સંગઠનો જયારે પોતાના અધિકારો માટે મેદાન પડે છે ત્યારે પોતાની હડતાળથી સામાન્ય જનજીવન પર કેટલી વિપરીત અસર પડશે એનો વિચાર નથી કરતા. શિક્ષકોની સેવા પણ આવશ્યક સેવા હેઠળ આવરી લેવાઈ છે. શિક્ષકને માત્ર કર્મચારી ગણી લેવાનો અભિગમ ઉચિત નથી. કમનસીબે આપણે ત્યાં વિશેષપણે પ્રાથમિક શિક્ષકને તો શિક્ષણેત્તર પ્રવૃત્તિઓ પાછળ જ જોતરી દઈ શિક્ષણનું દેવાળું નીકળી જાય એવી પરિસ્થિતિનું સર્જન કરાયેલ છે. પ્રાથમિક શિક્ષણ હકીકતમાં વિદ્યાર્થીના વિકાસમાં સૌથી વધુ મહત્ત્વનો તબક્કો છે. એમાં ગંભીરતાપૂર્વક ધ્યાન આપવાની જરૂર ખુદ સરકારે પણ સ્વીકારી છે. આથી પ્રવેશોત્સવથી લઈ બાળખોની શૈક્ષણિક પ્રગતિ વિશેના વિવિધ ઉપક્રમે યોજાયા રહે છે અને એમાં શિક્ષકની સીધી જવાબદારી સુનિશ્ચિત કરવાની સરકારી નીતિ પણ પ્રશંશનીય છે. કયારેક પ્રાથમિક શિક્ષક એટલો બેજવાબદાર બની ગયો હતો કે માત્ર કરવા ખાતર નોકરી કરતો હતો અને એની ઈતર આર્થિક પ્રવૃત્તિઓ - પછી તે ખેતી હોય કે શૅર માર્કેટ, એમાં વધુ રસ લેતો હતો. છેલ્લાં કેટલાંય વર્ષોથી રાજય સરકારે એને સતત પ્રવૃત્ત રહે એવા કાર્યક્રમોમાં જોતરવા ઉપરાંત પ્રાથમિક શિક્ષણનું સ્તર સુધરે, વિદ્યાર્થીઓની હાજરી લેવાય અને ગેરહાજર રહેનાર વિદ્યાર્થીના વાલી સાથે સંપર્ક સાધી એની ગેરહાજરીનું કારણ જાણી શકાય - એવા નિયમો દાખલ કર્યા છે. શિક્ષકને સારો પગાર મળે તો સામે શિક્ષકે પણ એની ફરજ બરાબર બજાવવી જોઈએ એ પ્રકારનો વર્તમાન સરકારનો અભિગમ પ્રશંસનીય છે. પરંતુ સાથે જ વર્ષોથી પડતર રહેલી વિદ્યા સહાયક તરીકેની નોકરીને નિયમિત નોકરી સાથે જોડી આપવાની માગણીના મુદ્દે વારંવારની રજૂઆત છતાં સરકારે આંખ આડા કાન કર્યા છે એથી નાછૂટકે પ્રાથમિક શિક્ષક સંઘે વિધાનસભા ઘેરાવનો કાર્યક્રમ આપ્યો હતો. બધા જાણે છે કે વિધાનસભાને ઘેરાવ કરવા આવનારા શિક્ષકોને ગાંધીનગરમાં પ્રવેશતા જ અટકાવી દેવાશે, છતાં લોકશાહીમાં રજૂઆત અને વિરોધ કરવાનો સૌને અધિકાર છે. શિક્ષક જેવા સંવેદનશીલ કર્મચારીઓને આ રીતે શિક્ષણકાર્ય અટકાવી દઈ આંદોલન પર ઊતરવું પડે, માસ સીએલ મૂકવી પડે અને છેક અંતરિયાળ વિસ્તારોથી વિધાનસભાને ઘેરાવ કરવા આવવું પડે તે ખૂબ જ શરમજનક બાબત છે. શિક્ષકની અને શિક્ષણ જગતની આ વિડંબનાનો રાજકીય અગ્રણીઓ અને સરકારે વેળાસર યોગ્ય નિવેડો લાવવો જોઈએ. શિક્ષક 'વિદ્યા સહાયક'ની નોકરીમાં હતો ત્યારે એણે મજબૂરીવશ ઓછા પગારે પૂરું કામ આપ્યું હતું - એની કદર કરી સરકારે વિદ્યાસહાયક તરીકે દાખલ થયા તારીખથી એની નોકરી ગણવી જોઈએ એવી શિક્ષક સંઘની માગણી વાહિયાત તો નથી જ. ચૂંટણી નજીક આવતી હોય છે ત્યારે નાક દબાવી મોઢું ખોલાવવાની આ પદ્ધતિ અલબત્ત આપણા કર્મચારી વર્ગને કોઠે પડી ગઈ છે - એ પણ નોંધવું જ રહ્યું.

યહાં લોગ સિર્ફ એક હી મતલબ કે લિયે જીતે હૈ... અપને મતલબ કે લિયે...

ડાયલોગથી દેવભાષા

ડો. જય ઓઝા

યે કલયુગ હૈ કલયુગ... યહાં લોગ સિર્ફ એક હી મતલબ કે લિયે જીતે હૈ... અપને મતલબ કે લિયે... - સિમ્બા

હમણાં ૨૦૧૮ના અંત ભાગમાં રિલીઝ થયેલી રોહિત શેટ્ટીની આ ફિલ્મે ૪૦૦ કરોડનો બિઝનેસ કર્યો હતો. રણવીરસિંહ અભિનિત આ ફિલ્મના સંવાદ ફરહાદ સામજી દ્વારા લખવામાં આવ્યા છે.

રણવીરસિંહના મુખે બોલાવવામાં આવેલ આ સંવાદ આજના સમયનું સત્ય રજૂ કરે છે. આ દુનિયા મતલબની સગી છે. સ્વાર્થમય આ જગતમાં લોકો માત્ર પોતાનો લાભ જુએ છે, ફિલ્મમાં રણવીરસિંહ એક ભ્રષ્ટ પોલીસ અધિકારીના પાત્રમાં છે, જે પોતાના કુકર્મને યોગ્ય ઠરાવવા માટે આ સંવાદ બોલતો હોય છે. આ કટુ સત્ય માત્ર આજનો આયનો નથી દર્શાવતો... આ કટુસત્ય સનાનત છે.

આ જ સત્ય ચોથી સદીમાં થઈ ગયેલા ચાણક્યએ ચાણક્યનીતિમાં ખૂબ સરસ રીતે રજૂ કર્યું છે.

વૃક્ષં ક્ષીણફલં ત્યજન્તિ વિહગાઃ શુષ્કં સરઃ સારસા
નિર્દ્રવ્યં પુરુષં ત્યજન્તિ લલના ભ્રષ્ટં નૃપં મન્ત્રિણઃ ।
પુષ્પં પર્યુષિતં ત્યજન્તિ મધુપા દગ્ધં વનાન્તં મૃગાઃ
સર્વઃ કાર્યવશાજ્જનઃ અભિરમતે કઃ કસ્ય કો વલ્લભઃ ॥

- ચાણક્યનીતિ

પક્ષી ફળરહિત વૃક્ષને ત્યજી દે છે, સારસ સુકાયેલા તળાવને, સ્ત્રીઓ ધનહીન પુરુષને, મન્ત્રી રાજયવિહીન થયેલા રાજાને, ભ્રમર વાંસી ફુલને, હરણ સળગતા જંગલનાં સીમાવર્તી પ્રદેશને ત્યજી દે છે. બધા અહીં પોતાના મતલબથી જ પ્રેમ કરે છે. અહીં કોણ કોનું છે ? અને કોણ કોને પ્રેમ કરે છે?

ચાણક્યનીતિ મહર્ષિ ચાણક્ય દ્વારા લખાયેલ અદ્‌ભૂત નીતિ વિષયક વાતોનો રસથાળ છે. ચાણક્યએ ચાણક્યનીતિ સિવાય 'અર્થશાસ્ત્ર'નો પણ સુંદર ગ્રંથ લખ્યો છે.

પ્રસ્તુત શ્લોકમાં ચાણકયએ પક્ષી, ભ્રમર, હરણ, સારસ અને સ્ત્રીના દ્રષ્ટાંત દ્વારા લોકોના સ્વાર્થી અને મતલબી સ્વભાવને દર્શાવ્યો છે.

મહાકવિ માઘ રચિત શિશુપાલવધમાં પણ 'સર્વ સ્વાર્થં સમીહતે' જેવી સૂક્તિ બીજા સર્ગમાં મળી આવે છે. 'દરેક વ્યક્તિ પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા માગે છે.' કહે છે કે અહીં દરેક વ્યક્તિ માત્ર ત્યાં સુધી જ મિત્ર બની રહે છે, જયાં સુધી તેનો સ્વાર્થ ઘસાતો નથી. ફરહાદ સામજી ૨૦૧૮માં લખે છે કે ચાણક્ય ચોથી સદીમાં લખી જાય... આ કટુ સત્ય આવતા હજી બીજા હજારો વર્ષો સુધી અકાટ્ય જ રહેવાનું છે તેમાં મીનમેખ નથી.

- jayuoza@gmail.com, Mo. 9898046488

રવિવારે ઉમાકાંત રાજગુરુનું સન્માન

સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'

● વૃત્તસંચય

વ્યક્તિત્વના ધબકતા પ્રાણસમી, ગુર્જરધરાની માતૃભાષા ગુજરાતીના ગરવા સત્ત્વને જાણવા-માણવા અને નિખારવા તથા ગુજરાતીના ભાષાશાસ્ત્ર અને ભાષાના મૂળરૂપ વ્યાકરણની સમજૂતિ માટે કાર્યરત સંસ્થા 'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન' દ્વારા આયોજિત શિક્ષક અભિવાદન કાર્યક્રમમાં ગુજરાતી ભાષાના સંરક્ષણ અને સંવર્ધન માટે સતત કાર્યરત રહેનારા ભાષાસાધક અને ભાષા સેવક એવા ઉમાકાન્ત વજેશંકર રાજયગુરુનો અભિવાદન કાર્યક્રમ તા. ૨૪-૦૨-૨૦૧૯ને રવિવારના રોજ બપોરે ૩.૩૦ થી ૫.૩૦ દરમિયાન ડૉ. પી.સી. વૈદ્ય ઓડિટોરિયમમાં, ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટીચર્ચ એજ્યુકેશન (IITE) , ખ-રોડ, સેકટર-૧૫, મહાત્મા મંદિર પાસે, ગાંધીનગર ભાષાને ગૌરવાન્તિવ કરવાના પ્રખર ઉદેસ સાથે કામ કરતા આ ન્યાસના કાર્યથી પરિચિત થવાના આ કાર્યરતના મુખ્ય મહેમાન તરીકે મા. શ્રી ભપેન્દ્રસિંહજી ચુડાસમા, માન. શિક્ષણ મંત્રી અને અતિથિ વિશેષ તરીકે માન. માનવ રામાનુજ, વરિષ્ઠ સાહિત્યકાર અને ઉપપ્રમુખ, ગુજરાતી સાહિત્ય પરિષદ માન તંત્રી ગાંધીનગર સમાચાર, કૃષ્ણકાન્ત જહા ઉપસ્થિત રહેશે. આ અમોલા કાર્યક્રમમાં પધારવા સંસ્થાના અધ્યક્ષ ભાગ્યેશ જહા, ઉપાધ્યક્ષ હર્ષદ પ્ર. શાહ અને મંત્રી ડૉ. જય ઓઝાએ જાહેર નિમંત્રણ પાઠવ્યું છે.

- muljibhaidadhi@gmail.com

મોરારજી દેસાઇ : કર્મઠ તથા નિષ્ઠાવાન રાજપુરુષ

ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

વડાપ્રધાનના કાર્યાલયમાં એક વિદ્યાર્થીનો પત્ર આવે છે. પત્ર સુંદર અક્ષરોથી લખાયેલો છે. પત્ર લખનાર વિદ્યાર્થીએ વડાપ્રધાન પાસે સ્કોલરશીપ મેળવવા માટે વિનંતી કરી છે. પ્રધાનમંત્રી પત્ર ઉપરજ સૂચના લખે છે. પોતાના અંગત ટ્રસ્ટમાંથી સહાય આપવા માટે પોતાના સચિવને સૂચના આપે છે. સચિવ એક સરકારી અધિકારી હોવાથી દરેક બાબતમાં ખરાઈ કરવાનો અને જરૂરી પુરાવા મેળવવાનો મત ધરાવે છે. પ્રધાનમંત્રીને તેઓ કહે છે : '' સહાયની માંગણી કરી છે તે વિદ્યાર્થીએ કોઇ પ્રમાણપત્રો મોકલ્યા નથી. આપણે એ પહેલા મંગાવીએ. વિદ્યાર્થી જે શાળામાં ભણે છે તેના આચાર્યની ભલામણ પણ લઈએ તો સારું.'' પ્રધાનમંત્રી સત્વરે જવાબ વાળતા કહે છે : '' વિદ્યાર્થીનો કાગળ પૂરતો છે. આપણે વિશ્વાસ રાખવો તેમાંજ લાભ છે.'' પછી ઉમેરે છે : '' તમે સાંભળ્યું છે ને કે વિશ્વાસે વહાણ ચાલે !'' બે ગુજરાતીઓ વચ્ચેનો આ સંવાદ કેવો અર્થસભર છે ! કહેવાની ભાગ્યેજ જરૂર હોય કે વિશ્વાસની નજરે જગતને જોનારા આ મૂલ્યનિષ્ઠ પ્રધાનમંત્રી મોરારજી દેસાઈ હતા. તેમના સચિવ એવીજ નિષ્ઠા તથા સૂઝ ધરાવતા હસમુખ શાહ હતા. હસમુખભાઈએ પોતાના સંભારણામાં આ વાત લખી છે. ફેબ્રુઆરી માસમાં હમેશા ટટ્ટાર રહેનાર ગુજરાતના પનોતા પુત્રની સ્મૃતિ તાજી થાય છે. કુતુબમિનાર પર જાણે ગાંધીટોપી ! મોરારજી દેસાઈના વ્યકિતત્વની આવી ઓળખ કોઈ વિદ્વાને આપી છે તે યથાર્થ છે. અપ્રિય થવાનોડર મોરારજીભાઈને કદી ડગાવી ન શક્યો. સફળતા મેળવવા માટે કદી ટૂંકા રસ્તા આમહામાનવે લીધા નહિ બદલામાં જે નુકસાની ભોગવવાની આવી તે સ્થિર મનથી ભોગવી લીધી. મોરારજી દેસાઈ આપણાં નજીકના ભૂતકાળનું એક ઉજળું તેમજ અવિસ્મરણિય પાત્ર છે. ભારત તથા પાકીસ્તાન એમ બન્ને દેશોના સર્વોચ્ચ નાગરિક સન્માન આ અનોખા 'અનાવલા' ને મળેલા છે.

વલસાડ જિલ્લામાં વલસાડથી ત્રણેક માઈલ દૂર આવેલા ભદેલી ગામમાં મોરારજીભાઇનો જન્મ ૧૮૯૬ના ફેબ્રુઆરી માસની ૨૯મી તારીખે થયો હતો. બાળપણના ઘણાં વર્ષો મોસાળમાં વિત્યા હતા. પિતા સૌરાષ્ટ્રના ભાવનગર રાજયમાં શિક્ષકની નોકરી કરતાં હતાં. પિતા સાથે નાનપણમાં ભાવનગર તથા કુંડલામાં તેઓ રહેલા તેવું નોંધાયું છે. પિતા ઘણાં શિસ્તપ્રિય હોવાથી મોરારજીભાઈમાં શિસ્તપાલનના ગુણ ભારોભાર ઉતરેલાં હતાં. અભ્યાસમાં તેઓ આગળ રહેનારા હતાં. મેટ્રિકમાં તેમણે બે વર્ષ કરવા પડ્યા કારણ કે પંદર વર્ષે તેઓ મેટ્રિકની પરીક્ષામાં બેસવા તૈયાર હતા અને સોળ વર્ષ પહેલાં તત્કાલિન નિયમો અનુસાર મેટ્રિકનું ફોર્મ ભરી શકાતું ન હતું. પંદર વર્ષની ઉમ્મરે માતામહે વેવિશાળ કરી નાખ્યું. ૧૯૧૧ના ફેબ્રુઆરીમાં લગ્ન સંપન્ન થયું. પિતાનું અકાળ મૃત્યુ પણ તેજ સમયગાળામાં થતાં બધાં સંતાનોમાં સૌથી મોટા મોરારજી પર માતા તથા ભાઈ બહેનોની સારસંભાળ રાખવાની કપરી જવાબદારી આવી. મુંબઈની વિલ્સન કોલેજમાં તેમનો ઉચ્ચ અભ્યાસ થયો. ઈશ્વરકૃપા થઈ હોય તેમ મુંબઈની ગોકળદાસ તેજપાળ બોર્ડિંગમાં ફ્રી ઓફ કોસ્ટ રહેવા મળ્યું. જેથી તેઓ ઉચ્ચ અભ્યાસ આગળ વધારી શક્યા. નાયબ કલેકટર તરીકેની સરકારી નોકરી તેમણે થોડા વર્ષો સુધી કરી. પરંતુ સરકારી નોકરીની મર્યાદાઓમાં સ્થિર થાય એવો આજીવ ન હતો.

પ્રથમ મુંબઈના બાળાસાહેબ ખેર મંત્રીમંડળમાં મોરારજીએ ૧૯૩૭ થી ૧૯૩૯ સુધી કામ કર્યું. ૧૯૫૨ની ચૂંટણી પછી મોરારજીભાઈ મુંબઈ રાજયના મુખ્યમંત્રી બને છે. મુંબઈના મુખ્યમંત્રી તરીકેની તેમની નિર્ણાયક કામગીરીની નોંધ સમગ્ર દેશમાં લેવામાં આવી. એક સમર્થ વહીવટદાર તરીકેની મોરારજીની છાપ દ્રઢ બની. ૧૯૫૮ના માર્ચમાં પંડિત જવાહરલાલ નહેરૂના આગ્રહથી દેશના નાણાંમંત્રી બને છે. દેશની પંચવર્ષીય યોજનાઓ શરૂ કરવામાં આવી હતી. પંડિત નહેરૂને આ યોજનાઓના પરિણામે લોકોની સુખાકારી વધારી શકાશે તેવો વિશ્વાસ હતો. આ યોજનાઓને આકાર આપવામાં તેમજ ડેફિસીટના એ સમયમાં નાણાંકીય સ?ત્રોત ઊભા કરવાનું અઘરૂં કામ મોરારજીએ કર્યું. પ્રધાનમંત્રી આ બાબતમાં મોરારજીની શકિત પારખી શકયા હતા. સાધનોની મર્યાદા ધ્યાનમાં રાખ્યા સિવાય આ યોજનાઓનું કદ બિન જરૂરી રીતે વધી ન જાય તેની મોરારજીભાઈએ ઝીણી નજરે ખાતરી રાખી હતી.

૨૬ જૂન ૧૯૭૫નો ઐતિહાસિક દિવસ. મળસકે ચાર વાગે મોરારજીભાઇને જણાવવામાં આવે છે કે તેઓની ધરપકડ કરવા વોરંટ સાથે પોલીસ પાર્ટી આવી છે. મોરારજીભાઈ લખે છે કે તેમના ચિત્તમાં ધરપકડના આ સમાચારથી લગીરે ખળભળાટ ન થયો. લાભ-હાનિ, જય-પરાજય જેવા સમયમાં એક યોગીને છાજે તેવી મનોસ્થિતિ કદાચ મોરારજીભાઈ સાધનાના બળે વિકસાવી શક્યા હતા.

મોરારજીભાઈને તૈયાર થવા માટે કલાકનો સમય આપવામાં આ?યો. બે જોડ કપડાં, રેંટિયો તથા બે ત્રણ પુસ?તકો સાથે મોરારજીભાઈ પોલીસની ગાડીમાં કલાકથી પણ ઓછા સમયમાં સહજતાથી ગોઠવાઈ ગયા. અટકાયતના સ?થળે પહોંચ્યા પછી સમાચારપત્રોની માંગણી કરી. ''હુકમ નથી'' તેવો ટૂંકો જવાબ જેલના સત્તાવાળાઓ તરફથી મળ્યો. ''પરમ દિવસથી જો મને અખબાર નહિ મળે તો ઉપવાસ કરીશ.'' આત?મબળનું તીર છૂટયું અને અખબારો મળવા શરૂ થઈ ગયા. કાંતવામાં, પદમાસન કરવામાં તથા રામચરિતમાનસ અને ગીતાપાઠ કરવામાં મોરારજીભાઈનો સમય મહદઅંશે પસાર થઈ જતો હતો. એક કલાકનું વોકીંગ નિયમિતતાથી થતું હતું. આ મુક્ત આત્માને જેલના બંધન નિયંત્રિત કરી શક્યા નહિ.

એક પ્રસંગ હસમુખભાઈ શાહે ટાંક્યો છે. પાકિસ્તાનના સિંધ પ્રાંતમાંથી એક ભાઈનો પત્ર આવે છે. તેમાં તેમણે મોરારજીભાઈને લખ્યું કે તેમની બહેનને કેન્સર થયેલું છે અને ગંભીર હાલત છે. સારવારનો ફાયદો થતો નથી. પત્ર લખનાર ભાઈ પાકિસ્તાન સરકારની નોકરીમાં હતા. મોરારજીભાઈને કોઈ ઉપચાર સૂચવવા વિનંતી હતી. કુદરતી ઉપચારોમાં મોરારજીની શ્રધ્ધા એ જાણીતી વાત હતી. પ્રધાનમંત્રીએ પત્ર લખનાર ભાઈનો ટેલીફોન નંબર પીએમઓ મારફત મેળવ્યો અને પત્ર લખનાર ભાઈ સાથે વિગતે વાત કરી. ઉપચારની સલાહ પણ આપી. આવા કોઈપણ કિસ્સાને પ્રસિધ્ધિ નહિ આપવાની મોરારજીભાઈની સ્પષ્ટ સૂચના હતી. આથી આ વીર ગુજરાતીના અનેક માનવીય ગુણોની જાણ સમાજને કદી થઈ શકી નહિ. મંદિરના કળશની જેમ આ ગુણિયલ ગુજરાતી પ્રધાનમંત્રીની કીર્તિ સદા દિપ્તીમાન રહેશે તે નિઃશંક છે.

પૂર્વ પશ્ચિમની ગાંધી-થોરોની વિચાર જુગલબંધી

ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

ગાંધીજીએ જેમ વિમાનમાં કયારેક પ્રવાસ કર્યો ન હતો. તેમ અમેરિકાનો પ્રવાસ પણ તેમણે કયારેક કર્યો ન હતો. સ્વાતંત્ર્યની લડતમાં તેમણે ઝુકાવ્યું એ પહેલા અને પછી દુનિયાના વિવિધ દેશોમાં તેઓ ગયા હતા પરંતુ અમેરિકા ગયા ન હતા. સ્વાતંત્ર્ય આંદોલન સમયે ગાંધીજીને અનેક વખત આમંત્રણ આપ્યા હતા પરંતુ ગાંધીજીની અમેરિકાની મુલાકાત શક્ય બની ન હતી. પરંતુ અમેરિકન સમાજ જીવન અને અમેરિકન વિચારકોની કામગીરીથી તેઓ પૂરી રીતે વાકેફ હતા. ગાંધીજીએ હંમેશા સારા વિચારોને આવકારવા અને એનું સ્વીકાર પાલન કરવામાં પાછી પાની કરી ન હતી. ૧૯મી સદીના અમેરિકન વિચારક હેનરી ડેવિડ થોરોની ઘણી અસર ગાંધીએ ઝીલી હતી.

૧૯૧૫માં ગાંધીજી ભારત પરત ફર્યા પછી દરેક રીતના દેશવ્યાપી આંદોલનો તેમણે સમયે સમયે આપ્યા હતા. આ પૈકી ૧૯૩૦માં સવિનય કાનૂન ભંગની લડત માટે હેનરી થોરોની વિચારસરણીએ અગ્રભાગ ભજવ્યો હતો. ગાંધીજીએ 'હરિજન'માં લખ્યું છે : 'સારામાં સારી સરકાર એ છે કે જે ઓછામાં ઓછું શાસન કરે'- (૨૫.૮.૧૯૪૦) આ વાત હેનરી થોરોએ જયારે અન્યાયી રાજતંત્ર સામે ૧૮૫૦ થી ૧૮૫૪ના ગાળામાં વિરોધ વ્યક્ત કર્યો હતો ત્યારે કરી હતી. થોરોએ કહ્યું હતું કે 'એ જ રાજસત્તા સારી ગણાય, જેનો ઉપયોગ ઓછામાં ઓછો થાય.' આમ, અસહકારનું આંદોલન, સવિનય કાનૂન ભંગ સહિતના આંદોલનમાં ગાંધીજીના કાર્યોમાં થોરોના વિચારોનો પડઘો ઝીલાય છે. ગેરશાસન ચલાવતી કોઈ પણ રાજસત્તા સામે પ્રાણાણિક પણે કરેલા વિરોધ આંદોલનથી વ્યક્તિ બળવાન સત્તાને પણ પડકારી શકે એવું તેઓ થોરો પાસેથી શીખ્યા હતા.

કાયદાનો વિનયપૂર્વક ભંગનો વિચાર ગાંધીએ થોરો પાસેથી શીખ્યો

થોરો પાસે એક સરકારી કર્મચારી કર લેવા આવ્યો હતો. થોરોએ જો કરની રકમ લડાઈના ખર્ચમાં અને ગુલામો ખરીદવામાં વપરાવાની હોઈ કર ભરવાનો ઈન્કાર્ય કર્યો પરિણામે તેમને જેલની સજા થઈ. જેલમાં તેમના મિત્ર બહુ જાણીતા વિચારક રાલ્ફ વાલ્ડો એમર્સન તેમને મળવા ગયા. અને તેમણે મિત્ર ભાવે પૂછ્યું, હેનરી તું અહીં કેમ? થોરોએ જવાબ આપ્યો, તું અહીં કેમ નથી ?! અને પછી જેલમાં જ થોરોએ નિબંધ લખ્યો - 'કાયદા સામે થવાની ફરજ.' આ નિબંધ ગાંધીજીએ ૧૯૦૭માં દક્ષિણ આફ્રિકાની લડત સમયે વાંચી લીધો હતો. ૧૯૦૮માં ગાંધીએ જયારે પહેલીવહેલી વાર જેલમાં ગયા ત્યારે તેણણે થોરોના સાહિત્યનું ભરપૂર અધ્યયન કરી લીધું.

૧૯૨૨માં ગાંધીજીની સામે સરકીટ હાઉસ અમદાવાદ ખાતે ઐતિહાસિક ખટલો ચાલ્યો ત્યારે ગાંધીએ તેમની સામે મૂકાયેલા તહોમત સબબ જે પ્રત્યુત્તર આપ્યા હતા એ થોરોની યાદ અપાવે એવા હતા.

વિનયપૂર્વક રાજસત્તાના કાયદાઓનો વિરોધ કરવાની શીખ ગાંધીજીએ થોરો પાસેથી મેળવી હતી તેમ સ્વૈચ્છીક ગરીબી પણ તેમની પાસેથી સ્વીકારી હતી. થોરોઓ વિચાર વ્યક્ત કર્યો કર્યો હતો કે 'જો આપણે સાદાઈથી જીવીએ તો આ ધરતી પર પોતાનો નિર્વાહ કરવો એ કંઈ મુસીબત નથી. સ્વૈચ્છિક ગરીબાઈની ઉન્નત ભૂમિ ઉપર ઊભા રહ્યા વગર માનવજીવનું નિષ્પક્ષ અને વિવેકપૂર્ણ અવલોકન કોઈ ન કરી શકે. વૈભવી જીવનનું ફળ વૈભવ જ હોય, 'તપોમય જીવન જ મધુરતપ હોય છે. બિનજરૂરી દોલત બિનજરૂરી વસ્તુઓ ખરીદી શકે છે. આત્માનો આવશ્યક એક પણ ચીજ ખરીદવાને પૈસાની જરૂર નથી.' પ્રજનનશક્તિ આપણને સંયમહીન બનાવે છે, મલિન બનાવે છે. તે જ શક્તિ આપણને જો બ્રહ્મચર્યનું પાલન કરીએ તો આપણા માટે શક્તિદાયક અને પ્રેરણાદાયક બને છે.' 'ઘણાખરા વૈભવો અને જીવનની ઘણી કહેવાતી સુખ સગવડો જરૂર નથી. એટલું જ નહીં પરંતુ માનવજીતની ઉન્નતિને સ્પષ્ટ કરીતે નડતરરૂપ છે.' - આ વિચારોની અસર ગાંધીના સત્યના પ્રયોગોરૂપી જીવનમાં જણાય આવે છે.

થોરોના વિચારોએ ગાંધી ઉપર ઘેરી અસર નિપજાવી એની પાછળનું એક મહત્ત્વનું કારણ એ છે કે બંને ઉપર ભગવદ્‌ગીતાએ ખાસી અસર નિપજાવી હતી. થોરો તો એમ કહેતા કે 'પ્રાંતઃકાળે ભગવદ્‌ગીતાના ભવ્યાદ્‌ભુત બ્રહ્માંડવ્યાપી તત્ત્વજ્ઞાનમાં હું મારી બુદ્ધિને સ્નાન કરાવું છું. પૂર્વના દાર્શનિકોની બરાબરી કરી શકે એવો એક પણ દાર્શનિક આધુનિક યુરોપે આપ્યો નથી. ભગવદ્ ગીતાના સર્વસમર્થ દર્શન આગળ આપણો શેક્સપિયર પણ એક અબોધ બાળક જેવા લાગે છે. થોરોની ફિલસૂફીના પાયામાં હિન્દુસ્તાનની સાહિત્યકતા હતી.' 'વોલ્ડન સરોવરના કાંઠે તેઓ ૧૫' x ૧૨' ની કુટીરમાં સાદાઈને કરકસરથી તેઓ કોઈ ભારતના ઋષિ મુનિની જેમ જ રહેતા હતા.

મો.ક. ગાંધી અને હેનરી થોરો વચ્ચેની વૈચારિક ગુરૂ શિષ્ય પરંપરાના તાર ભગવદ્‌ગીતા અને ભારતની ઋષિમુનિ કુળની સભ્યતાની સાથે જોડાયેલા હતા. ૧૯૪૨માં ફ્રેન્ક રૂઝવેલ્ટને લખેલા એક પત્રમાં ગાંધીજીએ થોરોને એક મહાન વિચારક ગણાવતા તેમનો બરાબર અભ્યાસ કરવો જરૂરી છે એમ દર્શાવ્યું હતું.